મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૪-૧૨-૨૦૨૪
મંગળવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૬૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માન્ય હોસ્પિટલમાં કૌભાંડની ઘટના બાદ સરકાર ઓચિંતા જાગી

# PMJAYને લઈને રાજ્ય સરકાર જાહેર કરી નવી SOP

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માન્ય હોસ્પિટલમાં કૌભાંડની ઘટના બાદ સરકાર ઓચિંતા જાગી છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં યોજના હેઠળ કૌભાંડ આચરાયાનો પર્દાફાશ થયા બાદ સરકારે યોજનાને લઈ નવી SOP તૈયાર કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરી હતી. નવી SOPમાં આ યોજના સાથે સંકળાયેલી હોસ્પિટલમાં હૃદય રોગના નિષ્ણાંત તબીબો ફૂલટાઈમ રાખવા પડશે. અગાઉ હૃદયરોગના નિષ્ણાંત તબીબો પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે સંકળાયેલી એક સાથે ત્રણ હોસ્પિટલમાં સેવા આપી શકતા હતાં. તો એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી જે દર્દીની કરવામાં આવે તેના પરિવારજનો ઉપરાંત આરોગ્ય વિભાગને પણ પુરાવા રૂપે સીડી આપવાની રહેશે.

આ ઉપરાંત નવી SOPમાં ઈમરજન્સી કેસમાં હોસ્પિટલને માત્ર એન્જિયોપ્લાસ્ટીની જ મંજૂરી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. તો હોસ્પિટલમાં કાર્ડિયાક ઓપરેશન થિયેટર હોવું પણ ફરજિયાત બનાવાયું છે. આ ઉપરાંત હૃદયરોગની સારવાર માટેની હોસ્પિટલમાં ઓછામાં ઓછા બે વેન્ટિલેટર સાથેના ICU ફરજિયાત બનાવાયા છે. તો આ ICU સેન્ટ્રલ ઓક્સિજન સિસ્ટમ સાથે કાર્યરત હોવા જોઈએ તેવી પણ જોગવાઈ નવી SOPમાં કરવામાં આવી છે.

નવી માર્ગદર્શિકા અનુસાર, હોસ્પિટલોએ ફૂલટાઈમ કાર્ડિયાક એનેસ્થેટિક રાખવા પડશે. તે સિવાય હોસ્પિટલોએ ફૂલટાઈમ ફિઝીયોથેરાપિસ્ટ રાખવા આવશ્યક રહેશે. ઈમરજન્સીમાં ફક્ત



કાર્ડિયોલોજીની સેવાઓ આપતા સેન્ટર એન્જિયોપ્લાસ્ટી કરી શકશે. એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટીની CD પ્રિ-ઓથ સમયે અપલોડ કરવી પડશે. ઈમરજન્સીના કેસમાં ઝઠ્ઠ-વીડિયોગ્રાફી સારવાર બાદ અપલોડ કરવાની રહેશે. કેન્સરની વિવિધ સારવાર માટે રાજ્ય સરકારે બનાવી નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. કેન્સરની સારવાર માટે TBC દર્દીનો ટ્રીટમેન્ટ પ્લાન નક્કી કરશે. ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટ અપલોડ કરવાનું ફરજીયાત રહેશે.

સરકારની નવી માર્ગદર્શિકા અનુસાર, કેન્સરના દર્દીની જરૂરિયાત મુજબની યોગ્ય સારવારનો પ્લાન નક્કી કરવા માટે મેડીકલ ઓક્રોલોજિસ્ટ, સર્જીકલ ઓક્રોલોજિસ્ટ અને રેડિયેશન ઓક્રોલોજિસ્ટની સંયુક્ત પેનલ ટ્યુમર બોર્ડ તરીકે નિર્ણય લઈ TBC (ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટ) માં દર્દીનો ટ્રીટમેન્ટ પ્લાન નક્કી કરશે. TBC(ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટ) અપલોડ કરવાનું ફરજીયાત રહેશે. દર્દીને કેન્સરની યોગ્યત્તમ સારવાર મળી રહે તે માટે IGRT (ઈમેજ ગાઈડેડ રેડિએશન થેરાપી) માં CBCT (કોન બીમ કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી સિસ્ટમ) ઈમેજ KV (કિલો વોટ) માં જ લેવાનું ફરજીયાત કરવામાં આવ્યું છે. વધુમાં આ થેરાપી ક્યા કયા ટ્યુમરમાં કરી શકાશે તેની પણ વિગતવાર ગાઈડલાઈન બનાવવામાં આવી છે.

કેન્સરની ટ્રિટમેન્ટ માટેની રેડિયેશન થેરાપીમાં યોગ્ય સારવાર અને પેકેજીસ પસંદગીની સુગમતા રહે તે માટે રેડિયેશનના પેકેજીસમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. મહીલાઓમાં જોવા મળતા કેન્સર જેવા કે, ગર્ભાશયના મુખનું કેન્સર, યોનીમાર્ગનું કેન્સર કે અન્ય કેન્સર જ્યાં બ્રેકીથેરાપી જરૂરી હોય, તેવા કિસ્સાઓમાં જે હોસ્પિટલ પાસે બ્રેકી થેરાપીની સગવડ છે, ત્યાં જ PMJAY અંતર્ગત સારવાર આપવાની રહેશે, બ્રેકી થેરાપી માટે હોસ્પિટલનું ટાઈ-અપ ચલાવવામાં આવશે નહીં. રેડિયોથેરાપી મશીન માટે નક્કી થયેલ ક્વોલિટી કન્ટ્રોલના માપદંડનું પાલન કરી હોસ્પિટલે રેકોર્ડ નિભાવવાનો રહેશે.નિયોનેટલ કેર અને ખાસ કરીને બાળકોને આઈ.સી.યુ.માં આપવામાં આવતી સારવાર અંગેની જુદી-જુદી રજૂઆતો ધ્યાને આવતા નવીન માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.NICU/SNCU (નિયોનેટલ ઈન્ટેન્શિવ કેર યુનિટ / સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ)માં બાળકોને ગુણવત્તાસભર સારવાર સુનિશ્ચિત કરવા માટે હોસ્પિટલે ફરજિયાત પણે માતાઓની પ્રાઈવસી સચવાય તે ધ્યાને લઈને CCTV ઈન્સટોલેશન કરવાનું રહેશે.

THO દ્વારા સમયાંતરે NICUની મુલાકાત લઈ રિપોર્ટ SHAને સબમિટ કરવાનો રહેશે. ઓનલાઈન વિઝિટ મોડ્યૂલ પોર્ટલ ટુંક સમયમાં જ કાર્યરત થશે, જેથી દરેક વિઝિટને અસરકારક રીતે મોનિટર કરવામાં આવશે.

બાળકોને રાઉન્ડ ધ ક્લોક સારવાર મળી રહે તે માટે નિઓનેટલ સ્પેશ્યાલિટીમાં એમ્પેનલમેન્ટ માટે ફૂલ ટાઈમ પીડિયાટ્રિશયન ફરજિયાત કરવામાં આવેલ છે.પીડિયાટ્રિક હોસ્પિટલ માટેની યોજનાની માર્ગદર્શિકાના ધારા-ધોરણ મુજબ દર્દીના બેડ પ્રમાણે નર્સિંગ સ્ટાફ રાખવાનો રહેશે.યોજના હેઠળ TKR THR ઓપરેશન કરતી હોસ્પિટલોએ ×ઓર્થોપેડીક અને પોલીટ્રોમા(અકસ્માત)×ના કેસોની પણ સારવાર પણ આપવાની હોવાથી ×ઓર્થોપ્લાસ્ટી (TKR/THR)"નાં ઓછામાં ઓછા ૩૦ ટકા “ઓર્થોપેડીક અને પોલીટ્રોમા(અકસ્માત)”ના કેસોને સારવાર આપવાનું ફરજીયાત કરેલ છે. જેમાં ઉક્ત રેશીયોનું પાલન ન થાય તો હોસ્પિટલને પેનલ્ટી કરવામાં આવે છે. યોજના અંતર્ગત જોડાયેલ કુલ ૭૫ હોસ્પિટલને ૩.૫૧ કરોડ રૂપિયાની TKR અંતર્ગત પેનલ્ટી કરવામાં આવેલ છે.

### રોડ સેફ્ટીની કામગીરી લાવી રંગ

## મહેસાણા જિલ્લામાં અકસ્માતમાં ૧૬.૫૧% અને માનવ મૃત્યુમાં ૨૦.૮૭% નો ઘટાડો નોંધાયો





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રોડ સેફટી ના મુદ્દે કરાતી એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ, બ્લેકસ્પોટ ઓળખ અને નાબુદી માટે કરાતા મોડીફીકેશન માટેની જોઈન્ટ વિઝીટ, અવેરનેસ કાર્યક્રમોની અસર દેખાઈ રહી છે. વર્ષ ૨૦૨૪ માં કુલ અકસ્માતોમાં ૧૬.૫૧% નો ઘટાડો થયો છે. જેમાં કુલ માનવમૃત્યુમાં ૨૦.૮૭% નો માતબર ઘટાડો નોંધાયો છે.

અકસ્માતમાં માનવ મૃત્યુ માટેનું સૌથી મોટું પરિબળ એવું ઓવર સ્પીડિંગને નાથવા RTO અને પોલીસ એ કમર કસી છે. જેમાં ૨૦૨૩ માં ૫૮૭૦ મેમા સ્પીડગનથી અપાયાં હતા જેમાં ૨૪૪.૩૧% ના વધારા સાથે વર્ષ ૨૦૨૪ માં ૧૪૩૪૧ સ્પીડગન મેમા અપાયાં છે. સાથોસાથ RTO દ્વારા બાળકો, ડ્રાઈવરો અને જનતા લક્ષી રોડ સેફટી અવેરનેસ ના ૫૮ કાર્યક્રમો થકી ૩૫૦૦૦ લોકોમાં જનજાગૃતિ ફેલાવી. વહીવટી તંત્રના તમામ ના સહિયારા પ્રયત્નો થયા જેના પરિણામો સ્વરૂપ અકસ્માતોમાં નોંધનીય ઘટાડો થયેલ છે.

### ઉતરાણના એક મહિના પહેલા ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ ફરમાવી જાહેરનામું બહાર પાડયું છે

## જોટાણા રોડ ઉપર તબેલામાં સંતાડેલી એક લાખ રૂપિયાની પ્રતિબંધિત ચાઈના દોરીના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

મકરસંક્રાંતિના તહેવારની હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે નજીવો નફો મેળવા ઘાતીક અને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો વ્યાપાર કેટલાક ઈસમો કરી રહ્યા છે. કડી શહેરની અંદર, ત્યારે કડી પોલીસ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો વેપલો કરતા ઈસમો વિરુદ્ધ મોહિમ ચલાવીને તેમની સામે ગુના દાખલ કરવાનું શરૂ કરી દેવામાં આવેલું છે. કડી પોલીસે જોટાણા રોડ ઉપર તબેલામાં આવેલ ઓરડીમાં સંતાડેલ એક લાખની ચાઈનીઝ દોરી સાથે એક ઈસમની ધડપકડ કરી ગુનો દાખલ કરવામાં આવેલો હતો.

મકરસંક્રાંતિના તહેવારને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે.



જ્યારે દર વર્ષે ઘાતક અને પ્રતિબંધિત ચાઈનીઝથી પશુ- પક્ષી અને લોકોને નુકસાન થતું હોય તેવી અનેક ઘટનાઓ દર વર્ષે જોવા મળતી હોય છે. જેથી રાજ્ય સરકાર દ્વારા ઉતરાણના એક મહિના પહેલા ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ ફરમાવી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. ત્યારે કડી પોલીસ અલગ અલગ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી.

કડી પોલીસ જોટાણા રોડ ઉપર પહોંચતા માહિતી મળી હતી કે તબેલામાં આવેલ ઓરડીમાં ગેરકાયદેસર પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સંતાડેલી છે અને એક ઈસમ તેનો વેપલો કરી રહ્યો છે જે આધારે પોલીસે રેડ કરી હતી.

કડી પોલીસ દ્વારા જોટાણા રોડ ઉપર આવેલ ચાર માળિયાની સામે આવેલ ભેંસો બાંધવાના તબેલામાં એક ઓરડી આવેલી છે અને જેમાં ચાઈનીઝ દોરી સંતાડેલી છે. પોલીસને માહિતી મળતા પોલીસ દ્વારા રેડ કરવામાં આવેલી હતી. જ્યાં ઓરડીની તલાસી કરતાં ઓરડીમાં મગફળીનું ભુસુ મળી આવ્યું હતું અને તેની આડમાં ચાઈનીઝ દોરી સંતાડેલી મલી આવી હતી. જ્યાં પોલીસ દ્વારા ૧,૦૧,૦૦૦ પ્રતિબંધિત ચાઈના દોરી સાથે ઘાંચી અબ્દુલ અહેમદભાઈ રહે ખતિવાસ કડીની ધરપકડ કરી ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવેલી હતી.

### ફૂડ વિભાગ મહેસાણાએ કડી ખાતેબનાવટી ઘીમાં કરેલી કાર્યવાહીના રિપોર્ટ જાહેર

## બનાવટી ઘીમાં ફોરેન વેજીટેબલ ફેટ મળી આવતા નાપાસ જાહેર

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

બુડાસણના રાજરત્ન એસ્ટેટના ગોડાઉનમાં મેસર્સ હરીઓમ પ્રોડકટ નામની પેઢીમાં શંકાસ્દપ ઘી બનાવવામાં આવે છે. જે બાતમીના આધારે મહેસાણા જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારી વિજય ચૌધરી તથા સ્ટાફે રેડ કરેલી. જેમાં લૂઝ ઘી ૧૫ કિલોગ્રામના ૧૬૨૦ બોક્સ કુલ ૨૪૨૯૭ જેની કિંમત રૂા.



૧.૦૩.૨૬.૨૨૫ તથા પામોલીન તેલના ૩૩૨ ટીન, ફોરેન ફેટ લૂઝ ૫૮૦૦ કિલો ગ્રામ આ તમામ મહેસાણા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે બાબતમી આધારે ઝડપી પાડ્યા હતા. અને આ ઘીનો જથ્થો ગોડાઉનમાં સીઝ કરાયો હતો. જેના સેમ્પલ જેતે સમયે ફુડ વિભાગે લેબોરેટરીમાં મોકલેલ જેનો રિપોર્ટ નાપાસ જાહેર કરવામાં આવ્યો હતો. જે જથ્થો કોર્ટનો હુકમ ના આવે ત્યાં સુધી ફુડ વિભાગ દ્વારા તેમના કબજામાં રહેશે.

આમ આના તમામ રિપોર્ટ નેગેટીવ આવતાં પેઢીના સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### જાહેર હરાજી

વડીયા (તે) પ્રા.શાળામાં પતરાવાળા જર્જરીત ૨ (બે)
ઓરડાનો કાટમાળ ઉતારવા માટે
નીચેના સમય- સ્થળે જાહેર હરાજી રાખેલ છે.
તા. ૨૮/૧૨/૨૦૨૪ શનિવાર સવારે ૯-૦૦ કલાકે
સ્થળ : વડીયા પ્રા.શાળા તા. કાંકરેજ. જિ. બનાસકાંઠા

આચાર્ય
વડીયા પ્રા.શાળા
તા. કાંકરેજ જિ. બનાસકાંઠા

SMC
વડીયા પ્રા. શાળા
તા. કાંકરેજ જિ. બનાસકાંઠા

### ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આયોજિત

## રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ૩ની પરીક્ષા ઉમેદવારોએ વિવિધ સેન્ટરો પર આપી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આયોજિત રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ૩ની પરિક્ષાને લઈ ઉમેદવારોએ વિવિધ સેન્ટર પર પરીક્ષા આપવા આવી પહોંચ્યા હતા.

ઊંઝા શહેરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાનારી રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ૩ની પરીક્ષાને લઈ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આ માટે ૫ પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યા હતા. જેમાં જી મ કન્યા વિદ્યાલય, શેઠ એમ આર એસ હાઈસ્કૂલ, કે એલ પટેલ કન્યા વિદ્યાલય, જી એલ પટેલ હાઈસ્કૂલ અને નવજીવન વિદ્યા મંદિર ખાતે પરીક્ષા કેન્દ્ર ખાતે ઉમેદવારોએ પરીક્ષા



આપી હતી. કુલ ૧૨૦૦ ઉમેદવારએ ૫ કેન્દ્ર ખાતે પરીક્ષા આપી હતી. એક કેન્દ્રમાં ૨૪૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

રાજ્ય સરકાર દ્વારા ખાલી પડેલી સરકારી કચેરીઓમાં જગ્યા પર ભરતી કરવામાં આવી રહી છે.

### જાહેર વિજ્ઞપ્તિ

આથી જાહેર જનતા તેમજ બેચરાજી તાલુકામાં રચિત સેવા પ્રકારની સહકારી મંડળીઓને જણાવવામાં આવે છેકે, અમો નીચે સહી કરનાર દ્વારા (સૂચિત) શ્રી બેચરાજી ઉત્તર વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. મુ. મંડાલી, તા. બેચરાજી, જિ. મહેસાણાના નામે મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના મંડાલી ગામમાં સહકારી મંડળીની રચના કરવા માંગીએ છીએ. આ સૂચિત મંડળીનું કાર્યક્ષેત્ર બેચરાજી તાલુકાના મંડાલી, સુરપુરા, સાંપાવાડા અને ચંદ્રોડા મળી કુલ- ૦૪ ગામો પુરતો મર્યાદિત રાખેલ છે. જેથી, સદર મંડળીની નોંધણી સંબંધે આ કાર્યવિસ્તારમાં આવેલ સેવા મંડળીઓને કોઈ વાંધો કે વિરોધ હોય તો, અમો નીચે જણાવેલ સરનામે, અથવા માન. જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરી ખાતે દિન-૭માં વાંધો કે વિરોધ નોંધાવવા જણાવવામાં આવે છે.

સરનામું : મુખ્ય પ્રોયોજક, શ્રી શંભુભાઈ જીવાભાઈ દેસાઈ
શ્રી બેચરાજી ઉત્તર વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.,
મુ. મંડાલી, તા. બેચરાજી, જિ. મહેસાણા
મો.નં. : ૯૮૨૫૨૮૩૮૫૪

સ્થળ : બેચરાજી
તારીખ : ૨૩-૧૨-૨૦૨૪

સહિ/-
(શંભુભાઈ જીવાભાઈ દેસાઈ)




# દવાઓની ગુણવત્તા સુનિશ્ચિત કરવી પડશે

ઔષધિ અને શલ્ય ચિકિત્સા એટલે કે સર્જરીની ભારતમાં સદીઓ જૂની સમૃદ્ઘ પરંપરા રહી છે. સમયની સાથે નવાચારોથી આ પરંપરા ઓર નિખરતી ગઈ. તેનું જ પરિણામ છે કે આજે ભારતને 'દુનિયાના દવાખાના'ની પ્રતિષ્ઠા મળેલી છે. આયુર્વેદના પ્રાચીન જ્ઞાનથી લઈને સુશ્રુતના ઉત્કૃષ્ટ કાર્ય સુધી ચિકિત્સા ક્ષેત્રમાં ભારતે એક સ્થાયી અને ઊંડો પ્રભાવ છોડ્યો છે. આ સશક્ત બુનિયાદે દેશને આધુનિક ચિકિત્સામાં પણ પ્રગતિ તરફ ગતિ કરાવી છે. તેના આધાર પર વિભિન્ન ક્ષેત્રોમાં શોધ અને વિકાસને ગતિ મળી, જેનો લાભ દવાઓ, જૈવ ટેક્નલોજી અને સ્વાસ્થ્ય ઉપકરણોના વિકાસમાં થયો. આજે ભારત વિશ્વ દવા ઉદ્યોગનું મુખ્ય ખેલાડી છે, જે ઉચ્ચ ગુણવત્તાવાળી કિફાયતી દવાઓ ઉપલબ્ધ કરાવી રહ્યું છે. આ દવાઓ વિકસિત અને વિકાસશીલ દેશોના કરોડો લોકો સુધી પહોંચી રહી છે. એનાથી વિશ્વભરમાં સ્વાસ્થ્યની દશા-દિશા સુધારવામાં મોટી સફળતા મળી છે. ભારતમાં કુશળ કામકાજી આબાદી, મજબૂત શૈક્ષણિક માળખું અને સરકારી પ્રોત્સાહક નીતિઓથી ચિકિત્સા અને દવાઓના ક્ષેત્રમાં અત્યાધુનિક શોધ અને નવાચાર માટે અનુકૂળ પરિવેશ પણ તૈયાર થયું.

દેશમાં દવા ઉદ્યોગના નિરંતર વિસ્તાર અને વિશ્વ બજારમાં તેની ઊંડી પહોંચની પુષ્ટિ નિકાસના આંકડાથી થાય છે. ૨૦૧૩-૧૪થી ૨૦૨૧-૨૨ વચ્ચે ભારતીય દવા ઉદ્યોગની નિકાસ ૯૦,૪૧૫ કરોડ રૂપિયાથી ૧૦૩ ટકાની વૃદ્ઘિ સાથે વધીને ૧,૮૩,૪૨૨ કરોડ રૂપિયા થઈ ગઈ. ફક્ત આઠ વર્ષમાં આ ઉદ્યોગનો આકાર ૧૦ અબજ ડોલર સુધી પહોંચવો દવા ક્ષેત્રમાં ભારતની પ્રગતિ અને વિશ્વ સ્તર પર તેની મજબૂતી દેખાડે છે. આ અણધારી તેજી ભારતના દવા ક્ષેત્રની તાકાત સાથે જ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ અનુકૂળ પરિવેશની કહાની પણ કહે છે. સક્રિય અને ગતિશીલ નીતિઓએ દવા ક્ષેત્ર માટે એક એવું તંત્ર વિકસિત કર્યું કે તે ફૂલીફાલીને વૈશ્વિક સ્તર પર પોતાનો સ્થાયી પ્રભાવ છોડવામાં સક્ષમ થઈ શકે. આ કહાનીને વધુ શાનદાર બનાવવા માટે સરકારે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન એટલે કે પીએલઆઈ જેવી યોજના રજૂ કરી, જેમાં દવા ઉદ્યોગની સાથે જ તેમાં ઉપયોગ કરાતો કાચો માલ ઉત્પાદનને ઉત્તેજન આપવામાં આવ્યું. તેણે દેશમાં જેનેરિક દવા ઉદ્યોગ વિનિર્માણને નવો આયામ આપ્યો. અસલમાં જ્યારે દવાઓની બ્રાન્ડ પેટન્ટ સમાપ્ત થઈ જાય છે તો તેનાથી અન્ય નિર્માતા પણ આ દવાઓને ઉત્પાદન કરી શકે છે, જેમને જેનેરિક દવા કહે છે. આ દવાઓમાં તત્ત્વો તો એ જ હોય છે, પરંતુ તેનો ખર્ચ લગભગ ૩૦ થી ૮૦ ટકા સુધી ઓછી હોય છે. સસ્તી હોવાને કારણે તે એક મોટી આબાદીની પહોંચમાં સહજતાથી આવી જાય છે. ભારત આ સમયે વિશ્વમાં જેનેરિક દવાઓનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.

નિઃસંદેહ જેનેરિક દવાઓની ગુણવત્તાને લઈને કેટલીક ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. મોટી સંખ્યામાં નિર્માતાઓની હાજરી અને બજારના પ્રતિસ્પર્ધી રૂપને જોતાં કેટલીક કંપનીઓ જરૂરી માપદંડોની અવગણના કરે છે, જેનાથી ઉતરતી કક્ષાની દવાઓ બજારમાં પહોંચીને દર્દીઓના સ્વાસ્થ્ય માટે ખતરો પેદા કરે છે. હાલના દિવસોમાં દેશમાં નિર્મિત મિલાવટી કફ સિરપનો મામલો સમાચારોમાં ચમક્યો હતો. આ દુર્ભાગ્યપૂર્ણ છે. એવામાં દવા નિયામક ડ્ર્ગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા એટલે કે ડીસીજીઆઈની સખ્તાઈ સ્વાગતયોગ્ય છે. ગયા મહિને જ ડીસીજીઆઈએ વ્યાપક નિરીક્ષણ બાદ હલકી અને મિલાવટી દવાઓ બનાવનારી ૧૮થી વધુ દવા કંપનીઓના લાયસન્સ રદ્દ કરવાથી લઈને તેની બરતરફી સુદ્ઘાંની કાર્યવાહી કરી. એના પર કેટલાક લોકોને લાગી શકે છે કે એનાથી કંપનીઓ પર અનુપાલનનો બોજ અને દબાણ વધી જશે. જોકે એવી સ્થિતિથી બચવા માટે સ્વ-નિયમનની પ્રક્રિયા બહેતર હોય છે, પરંતુ મોટાભાગે તેમાં માપદંડોની અવગણના થઈ જાય છે, જેનાં ઘાતક પરિણામ જોવા મળે છે. તેનાથી શાખ પર દાગ લાગે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### લગ્નેતર સંબંધોનો કરૂણ અંજામ

# જમાઈએ મળતિયાઓ સાથે હુમલો કરતાં બે કરૂણ મોત, ૧૩ ઘાયલ

**દહેગામમાં લગ્નેતર સંબંધના કારણે પતિ-પત્ની વચ્ચે ચાલી રહેલા વિવાદનું લોહિયાળ પરિણામ આવ્યું છે**

દહેગામ, તા.૨૩

દહેગામમાં લગ્નેતર સંબંધના કારણે પતિ-પત્ની વચ્ચે ચાલી રહેલા વિવાદનું લોહિયાળ પરિણામ આવ્યું છે. પતિ સાથે વિવાદના પગલે કપડવંજમાં રહેતી પરિણીતા અને તેના પરિવારજનો દહેગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીને ઘરે પરત જતા હતા ત્યારે જમાઈએ ઊંટડિયા મહાદેવ રોડ પર હુમલો કર્યો હતો. સાગરિતોની મદદથી સાસરી પક્ષના લોકોની ગાડીઓને આંતરી હતી અને ઘાતક હથિયારોથી હુમલો કર્યો હતો. જેમાં બે વ્યક્તિનાં મોત થયા હતા અને બે બાળક સહિત ૧૩ ઘાયલ થયા હતા. જાનનાથ જીજુનાથ મદારી દહેગામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દીકરી નેતલનાં લગ્ન વનરાજ ઉર્ફે વનીયો કંચનનાથ મદારી સાથે થયા હતા. આ લગ્નથી તેમને બે જોડિયા બાળક છે. વનરાજને કપડવંજની મહિલા સાથે હવે જ સંબંધો હોવાથી છેલ્લા ચાર પાંચ વર્ષથી ઝઘડો ચાલી રહ્યો છે. જે બાબતે જે તે વખતે પોલીસ કેસ



કરવામાં આવ્યો હતો અને ભરણપોષણનો કેસ પણ ચાલી રહ્યો છે. એકાદ મહિના અગાઉ આ બાબતે ફરી ઝઘડો થયો હતો અને જમાઈ વનરાજે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટના બાદ જાનનાથ પોતાના પરિવાર સાથે દહેગામ છોડીને કપડવંજના ધોરીવાવ ડુંગરા વિસ્તારમાં રહેવા જતા રહ્યા હતા. પોલીસ ફરિયાદ અને કોર્ટ કેસ ઉપરાંત સામાજિક રાહે વનરાજ સાથે સમાધાનના પ્રયાસ ચાલતા હતા. વનરાજ પ્રેમિકાને છોડવા માગતો ન હતો અને નેતલને ત્રાસ આપતો હતો. આ બાબતે સમાજના પંચના સભ્યોએ સમાધાનના પ્રયાસ કર્યા હતા, પરંતુ ઝઘડાનું કોઈ નિરાકરણ આવ્યું ન હતું. ગઈકાલે જાનનાથ તેમની દીકરી, પરિવારજનો અને પંચના સભ્યો અગાઉ નોંધાયેલી ફરિયાદમાં હાજર થવા માટે દહેગામ પોલીસ મથક ગયા હતા.

કપડવંજ પરત ફરતી વખતે વનરાજ હુમલો કરશે એવી આશંકા હોવાથી પોલીસને પણ જાણ કરી હતી. બાદમાં બધા અલગ અલગ વાહનોમાં પરત ઘરે ફરી રહ્યા હતા. જ્યાં કપડવંજ ઊંટડીયા મહાદેવ રોડ ઉપર વનરાજ સહિતના મળતિયાઓએ ગાડીઓને આંતરી બોલેરો ગાડી ઉપર લાકડી વડે હુમલો કર્યો હતો. ગાડીનો કાચ ફૂટી ગયો હતો અને રોડના રેલિંગમાં બોલેરો ઘૂસી ગઈ હતી. ગાડી ઊભી રહેતાં જમાઈ વનરાજ મદારી સહિતના તેના મળતિયા આવી ગયા હતા અને ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. બાદમાં બધા ત્યાંથી ભાગી ગયા હતા. આ હુમલામાં બે બાળક સહિત ૧૫ વ્યક્તિને ઈજા થઈ હતી. ગાંધીનગર સિવિલમાં સારવાર દરમિયાન સચિન મદારી અને પંચના માણસ મુન્નાનાથ મદારીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

પોલીસે આ મામલે વનરાજ તથા તેના સાગરિતો સામે ગુનો દાખલ કરી તેમને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.

### પોલીસે ૨ કિલો મેથાફેટામાઇન ડ્રગ્સ કબજે લીધો

# ગરમ મસાલા પેકેટમાં ડ્રગ US મોકલવાના રેકેટનો પર્દાફાશ

**NCB અમદાવાદની ટીમે બેંગલુરુ અને દિલ્હીથી ડ્રગ્સ સિન્ડિકેટના ત્રણ સાગરીતને ઝડપી લીધા**

અમદાવાદ, તા.૨૩

ભારતમાંથી ડ્ર્ગ્સની આયાત- નિકાસ સતત વધી રહી છે ત્યારે જ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (NCB) અમદાવાદની ટીમે ગરમ મસાલાના પેકેટમાં એમડી ડ્રગ વિદેશ મોકલવાના રેકેટનો પર્દાફાશ કરી બેંગલુરુ અને દિલ્હીથી ત્રણ પેડલરોને ઝડપી લીધા છે. આ કેસમાં ઝડપાતાં અમેરિકન સરકારે જેને ભારત રવાના કરી દીધો હતો તે અદનાન ફર્નિચરવાળા નાઈજિરિયન ગેંગ સાથે રેકેટ ચલાવતો હતો.NCB અમદાવાદની ટીમને બાતમી મળી હતી કે કુખ્યાત ડ્ર્ગ્સ પેડલર અદનાન ફર્નિચરવાળા ડ્ર્ગ્સના કેસમાં ફરીથી એક્ટિવ થયો છે. તેને પગલે તેના પર વોચ વધારી દેવામાં આવી હતી. તે બેંગલુરુમાં લોકેટ થતાં તેની પ્રવૃત્તિઓ ચકાસતા કેટલાક તત્ત્વો દ્વારા તે ફરીથી ડ્ર્ગ્સ સપ્લાય માટે કામ કરતો હોવાનું જાણી શકાયું હતું. NCB અમદાવાદની ટીમે તેને બેંગલુરુથી ઝડપી લીધો હતો.

પ્રાથમિક પૂછપરછમાં જાણી શકાયું હતું કે તે નાઈજિરિયન ગેંગ સાથે મળીને ગરમ મસાલાના પેકેટમાં ડ્ર્ગ્સ વિદેશ મોકલી રહ્યો છે. તેના નિવેદનને આધારે NCBએ દિલ્હીમાંથી તેના સાથીદાર એવા નાઈજિરિયન નાગરિકોની પણ ધરપકડ કરી લીધી છે. તેમની પાસેથી પોલીસે 2 કિલો મેથાફેટામાઈન ડ્ર્ગ્સ કબજે લીધું છે. તેઓ અગાઉ કેટલી વખત ડ્ર્ગ્સ વિદેશ મોકલી ચૂક્યા છે તેની તપાસ શરૂ કરવામાં આવી છે. અદનાન ફર્નિચરવાળા સામે અગાઉ પણ ભારતમાં ડ્ર્ગ્સના વિવિધ કેસ કરવામાં આવ્યા હોવાનું જાણી શકાયું છે.

### કેન્દ્રીય ગૃહ અમિત શાહના ડો. આંબેડકર અંગેના વિધાનોના વિવાદ વચ્ચે

# અમદાવાદમાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને નુકસાન પહોંચાડાયું : સમગ્ર વિસ્તારમાં ભારે તનાવ

**ખોખરા નજીક સ્થાપિત ડો. આંબેડકરની પ્રતિમાનું નાક તોડી પડાતા જબરો વિરોધ : પોલીસે તાત્કાલીક કાર્યવાહી શરૂ કરી**



અમદાવાદ, તા.૨૩

એક તરફ દેશમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા રાજ્યસભામાં ડો. બાબાસાહેબ આંબેડકર અંગે કરાયેલા વિધાનોના રાજકીય વિવાદ વધી રહ્યો છે તે સમયે જ અમદાવાદમાં ખોખરા વિસ્તારમાં ડો. આંબેડકરની મૂર્તિ કોઈ તોફાની તત્વોએ ખંડિત કરતાં તનાવ સર્જાયો છે.અહીં રહેતા દલિત લોકો ધરણા પર બેસી ગયા છે અને માર્ગ બંધ કરી દેતા પોલીસ ટુકડીઓ અહીં ધસી ગઈ છે. અમદાવાદમાં ખોખરા વિસ્તારમાં કે.કા. શાસ્ત્રી કોલેજ સામે જયંતી વકીલની ચાલની બહાર ડો. બાબાસાહેબની પ્રતિમા સ્થાપિત કરાઈ છે.

તેમાં કોઈએ આંબેડકરની પ્રતિમાના નાકને તોડીને નુકસાન કર્યું હતું જે સ્થાનિક લોકોને માહિતી મળતા ટોળા એકત્ર થઈ ગયા હતા અને બીજી તરફ અશાંતિ સર્જવા માટે આ કૃત્ય કરાયું હોય તેવું માનવામાં આવે છે.

દલિતો સહિતના ડો. આંબેડકરના અનુયાયીઓએ અહીં ધરણા શરુ કર્યા છે અને ખોખરા પોલીસ સ્ટેશન ખાતે પણ પહોંચીને પ્રતિમાને નુકસાન કરનારની તાત્કાલીક ધરપકડ કરવા માંગણી કરી છે. પોલીસ અત્યંત સ્વયંપૂર્વક કામ રહી છે અને ઉશ્કેરાટ વધે નહીં તે જોવા પ્રયત્ન થઈ રહ્યો છે.

### કોંગ્રેસના ધારાસભ્ય મેવાણીનું આકરૂ ટ્વીટ પ્રતિમાને ઢાંકી દેવાઇઃ ૨૪ કલાકમાં આરોપીને પકડવાની માંગ

**અમદાવાદના ખોખરામાં ડો. આંબેડકરની પ્રતિમાને નુકશાન પહોંચાડ્યાના બનાવથી સુરક્ષાતંત્ર દોડતું થઇ જ ગયું છે. મામલો થાળે પાડવા માટે પોલીસે ૨૪ કલાકમાં આરોપીઓને પકડી લેવાની ખાતરી આપી હતી અને પ્રતિમાને કપડાથી ઢાંકી દેવામાં આવી છે.**

**આ ઘટનાના પગલે કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ ટ્વિટ કર્યું હતું. જ્ઞાતિવાદી તત્વોએ આ પ્રયાસ કર્યાનું લખ્યું હતું. ગૃહમંત્રીને બાબાસાહેબ પ્રત્યે કોઇ ભાન નથી તેવો આક્ષેપ પણ કર્યો હતો. અમદાવાદ કૌઝવે પ્રમુખ, કોર્પોરેટરો વગેરે પણ પહોંચ્યા હતાં.**

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ)** : નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ (બ,વ,ઉ)** : વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીથુન (ક,છ,ઘ)** : આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ)** : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ)** : પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ)** : વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત)** : સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય)** :
જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ)** : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ)** : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કુંભ (ગ,શ,સ)** : દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ)** : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

### કંગનાએ દિલજીત દોસાંઝને કર્યો સપોર્ટ

# અવૈધ ચીજોનું અસ્તિત્વ નકારી ન શકાય : કંગના

મુંબઈ, તા.૨૩

કંગના રનૌતે દિલજીત દોસાંજનું સમર્થન કર્યું છે. નામ લીધા વિના તેમણે ગાયકના ગીતો વિશે પોતાનો અભિપ્રાય આપ્યો છે. ગીતોમાં દારૂના પ્રચાર માટે દિલજીતને મળેલી નોટિસ પર અભિનેત્રીએ પ્રતિક્રિયા આપી છે.જો કે અભિનેત્રી અને બીજેપી સાંસદ કંગના રનૌત અને દિલજીત દોસાંઝ ક્યારેય સોશિયલ મીડિયા પર એકબીજા સાથે જોવા મળ્યા નથી. બંને ઘણી વખત એકબીજા સાથે અથડામણ કરી ચુક્યા છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે પંજાબી સિંગર માટે કંગનાના સુર બદલાયા છે. અભિનેત્રીએ હવે દિલજીતને સમર્થન આપ્યું છે. વાસ્તવમાં, પંજાબી ગાયક આ દિવસોમાં તેના દિલ-લુમિનાટી ઈન્ડિયા ટૂર પર છે. તાજેતરમાં આંધ્રપ્રદેશ-તેલંગાણા, પંજાબ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં તેના કોન્સર્ટ દરમિયાન દારૂ અથવા ડ્ર્ગ્સ સંબંધિત ગીતો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેના કારણે ઘણો વિવાદ થયો હતો. હવે કંગનાએ તમામ જૂના વિવાદોને બાજુ પર રાખીને દિલજીતને સપોર્ટ કર્યો છે.કંગના રનૌતે ભારપૂર્વક જણાવ્યું છે કે કેવી રીતે નિયમોનું પાલન નથી થઈ રહ્યું. તેમણે કહ્યું કે દરેક જગ્યાએ દારૂ પર પ્રતિબંધ છે પરંતુ શું તે લોકોની જવાબદારી નથી? તેણે કહ્યું, 'તમે ગીતોમાંથી બધું કાઢી નાખશો, ફિલ્મોમાંથી બધું કાઢી નાખશો. શરાબ-મુક્ત રાજ્યો ઘણા છે, તો શું દારૂ વેચાતો નથી? ઘણી બધી વસ્તુઓ ગેરકાયદેસર હોવાથી, તે નથી તેમ માની લેવાને પણ કોઈ કારણ નથી જ.કંગના રનૌતે વધુમાં કહ્યું કે, 'ઘણા અકસ્માતોના વીડિયો આવી રહ્યા છે. ત્યાં આ નિયમોનું પાલન કોણ કરે છે? મારો કહેવાનો મતલબ એ છે કે શું આ લોકોની જવાબદારી નથી? ૧૪ ડિસેમ્બરના રોજ ચંદીગઢમાં પરફોર્મ કરતા પહેલા, ગાયકને બાળ અધિકારોના રક્ષણ માટેના કમિશન દ્વારા એક નોટિસ એડવાઈઝરી જારી કરવામાં આવી હતી. જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે તે કોન્સર્ટમાં દારૂનો પ્રચાર કરતું કોઈ ગીત નહીં ગાઈ શકે. ઉપરાંત, બાળકોને સ્ટેજ પર લઈ જઈ શકાતા નથી.આ પહેલા તેલંગાણા સરકારે હૈદરાબાદમાં તેના કોન્સર્ટમાં દારૂ અને હિંસાને પ્રોત્સાહન આપતા ગીતો પર પ્રતિબંધ મૂક્યો હતો. ગાયકને નોટિસ પણ મોકલવામાં આવી હતી. ઉપરાંત, બજરંગ દળે ઈન્દોરમાં તેમના કોન્સર્ટનો વિરોધ કર્યો હતો. દારૂ અને માંસાહારી ખાદ્યપદાર્થોના ખુલ્લા વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. આ બધા પર ગાયકે અમદાવાદમાં કહ્યું હતું કે, 'આજે હું એ ગીતો પણ નહીં ગાઉં. હું પોતે દારૂ પીતો નથી. તે મારા માટે સરળ છે. પરંતુ બોલિવૂડ કલાકારો દારૂની જાહેરાતોને પ્રમોટ કરે છે - દિલજીત દોસાંઝ એવું નથી કરતો. મને ઉશ્કેરશો નહીં. હું ચૂપચાપ મારો શો કરું છું અને જતો રહ્યો છું. તમે મને કેમ પરેશાન કરો છો?'

## મુખ્યમંત્રીનો ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત' ટેકનોલોજીના ત્વરીત ઉપયોગથી વધુ સુદ્રઢ અને અસરકારક બનશે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 'સ્વાગત ૨.૦' ઓટો એસ્કેલેશન મેટ્રીક્સ અને સ્વાગત મોબાઇલ એપનુ ઇ લોન્ચીંગ કરશે

**પાયલોટ પ્રોજેક્ટ તરીકે મહેસુલ અને પંચાયત વિભાગ તથા પાટણ અને ખેડા જીલ્લામાં કાર્યરત થયેલા ઓટો એસ્કેલેશન મેટ્રીક્સની સફળતાને પગલે હવે બધા જ વિભાગો અને તમામ જીલ્લાઓમાં અમલી બનાવવાનો મુખ્યમંત્રીશ્રીનો નિર્ધાર**

**વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમ્યાન લોકોની ફરીયાદોના પારદર્શી અને અસરકારક નિવારણ તથા લોકો રાજ્યના વડાને સરળતાથી પ્રશ્નોની રજૂઆત કરી શકે તે માટે ટેકનોલોજીના ઉપયોગથી 'સ્વાગત' કાર્યક્રમ ૨૦૦૩થી શરૂ કરાવ્યો છે.**

**નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલા જન ફરિયાદ નિવારણના આ ટેક્નોલોજીયુક્ત અભિગમ સ્વાગતના પૂર્ણ થયેલા બે દાયકામાં અનેક રજુઆતોનું સફળતાપૂર્વક નિવારણ થતું રહ્યું છે. ટેક્નોલોજીના ઉપયોગથી સુશાસનનું સ્તર ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ બની શકે તેનું ઉદાહરણ સ્વાગતની સફળતાએ દેશ અને દુનિયાને પુરું પાડ્યું છે.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલા સ્વાગતની વિશ્વસનિયતા વધુ અદ્યતન ટેકનોલોજીયુકત "સ્વાગત ૨.૦"થી સુદ્રઢ કરી**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાગતને ૨૦૨૩માં ૨૦ વર્ષ પૂર્ણ થતાં આ સફળતાની પ્રસંશા વિશેષ પ્રેરણાત્મક સંબોધન કરીને પાઠવી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે ૨૦૦૩થી શરૂ કરાવેલા સુશાસનના ઉત્તમ પ્રયોગ એવા આ સ્વાગતની સફળતાને વિશ્વ સ્તરે પણ ચાર જેટલા પ્રતિષ્ઠીત એવોર્ડના ગૌરવ-સન્માન પ્રાપ્ત થયા છે.

સ્વાગતનો વ્યાપ રાજ્ય સ્વાગતથી લઈને જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્વાગત સુધી વિસ્તર્યો છે અને સામાન્યમાં સામાન્ય માનવીને તેની રજૂઆતનું સરકાર ત્વરિત નિવારણ લાવે છે તેવો વિશ્વાસ બેઠો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં સ્વાગતમાં નવા ટેક્નોલોજીયુક્ત આયામો જોડીને સુશાસનની આ વિશ્વસનિયતા વધુ સુદ્રઢ કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને સુશાસનના પ્રેરણાસ્ત્રોત અને પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીજીના જન્મદિવસને સુશાસન દિવસ તરીકે ઉજવવાની જે પ્રણાલી આપી છે તેમાં સ્વાગત ૨.૦ની આ નવી સુવિધાઓથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટીવંત નેતૃત્વમાં ગુજરાતે વધુ એક કદમ ભરવાનો નિર્ણય કર્યો છે.

આ નવિન સુવિધા અન્વયે ઓટો એસ્કેલેશન મેટ્રીક્સ પદ્ધતિ સુશાસન દિવસ ૨૦૨૩થી પાયલોટ પ્રોજેકટ તરીકે મહેસુલ અને પંચાયત વિભાગમાં તથા પાટણ અને ખેડા જિલ્લામાં કાર્યરત કરવામાં આવી હતી. આ પાયલોટ પ્રોજેકટના મળેલા ખુબ સારા પરિણામોને પગલે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે હવે આ વર્ષના ગુડ ગવર્નન્સ ડે, ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ થી બધા વિભાગો તથા તમામ જીલ્લાઓમાં આ પધ્ધતિ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

●સ્વાગત મોબાઈલ એપ્લિકેશન

◦ એટલુ જ નહિ, સિટીઝન એમ્પાવરમેન્ટ અંતર્ગત સ્વાગત મોબાઈલ એપ્લિકેશન પણ મુખ્યમંત્રીશ્રી સુશાસન દિવસ ૨૫ ડિસેમ્બરે લોન્ચ કરવાના છે. નાગરિકો પોતાના મોબાઈલમાંથી સરળતાએ ફરીયાદો- રજૂઆતો કરી શકે તે



હેતુસર આ મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે.

કોઈપણ નાગરિક પોતાના મોબાઈલ નંબરથી રજીસ્ટ્રેશન કરીને આ એપ મારફતે જીલ્લા અને તાલુકા કક્ષાની ફરીયાદો ઓનલાઈન કરી શકશે અને પોતે કરેલી અરજીનુ સ્ટેટસ પણ જાણી શકશે. આ ઉપરાંત અરજી પર થયેલી કાર્યવાહીનો ફીડબેક પણ આપી શકે તેવી સુવિધા આ મોબાઈલ એપમાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

● ઓટો એક્સેલેશન મેટ્રિક્સ કઈ રીતે કામ કરશે

તદ્અનુસાર, ઓટો એસ્કેલેશન મેટ્રિક્સમાં અરજદારો દ્વારા કરવામાં આવતી રજૂઆતો/ફરિયાદોની ગંભીરતા અથવા જટિલતાના આધારે ય્ઈઈદ્ગ, રૂઈર્ન્ઉ અને ઈઈદ્ઘ ચેનલમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે તેમજ દરેક લેવલ માટે ફરિયાદના નિકાલ માટે એક ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવેલી છે.

નાગરિકોની રજૂઆતો/ફરિયાદોને, જે અધિકારીની ફરિયાદ નિવારણની સીધી જવાબદારી હોય તે અધિકારીને ઓનલાઈન માધ્યમથી તેના લોગીનમાં મોકલવામાં આવે છે. રજૂઆત કર્તાને પણ જીસ્જી થી આ અંગેની જાણ કરવામાં આવે છે. રજૂઆત કર્તાની રજૂઆત પરત્વે સંબંધિત અધિકારીએ નિયત સમય મર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવાની રહે છે.

અધિકારીએ કરેલી કાર્યવાહી પોર્ટલ પર જરૂરી ડોક્યુમેન્ટ સાથે ઓનલાઈન અપલોડ કરવાની રહે છે. રજૂઆત કર્તા પોતાના યુનિક આઈ.ડીથી રજૂઆત અન્વયેનો જવાબ ડાઉનલોડ પણ કરી શકે છે.

જો સંબંધિત અધિકારી દ્વારા નિયત સમયમર્યાદામાં જવાબ કરવામાં ન આવે તો તે રજૂઆત સમયમર્યાદા પુર્ણ થતાં ઓટોમેટીક તેના એક લેવલ ઉપરના અધિકારીના એકાઉન્?ટમાં ઓટો એસ્કેલેટ થાય છે. ત્યાર બાદ ઉપરના અધિકારી દ્વારા રજૂઆતનો નિકાલ કરવાનો રહે છે.

રજૂઆત કર્તાને થયેલ જવાબને, એક લેવલ ઉપરના અધિકારી દ્વારા ફરજીયાત વેરીફાય કરવાનો રહે છે. રજૂઆતનું સંતોષજનક અને યોગ્ય રીતે નિરાકરણ થયેલ છે તે અંગે વેરીફીકેશન થયા બાદ જ રજૂઆતનો આખરી નિકાલ ગણવામાં આવે છે.

રજૂઆત કર્તા પોતાની રજૂઆતો/ફરિયાદો અંગે થયેલ કાર્યવાહીના ફીડબેક આપી શકે છે. પોતાની રજૂઆત પરત્વે થયેલ કાર્યવાહીથી રજૂઆત કર્તા સંતુષ્ટ ન હોય તો, ફીડબેક આપી રજૂઆતને એક લેવલના ઉપરી અધિકારીને એસ્કેલેટ પણ કરી શકે છે.

મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય દ્વારા પણ આ અરજીઓનું મોનીટરીંગ કરવામાં આવે છે. જો કોઈ ફરિયાદનો યોગ્ય જવાબ ન થયેલ હોય તો તેવી અરજીઓને મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય દ્વારા એક લેવલના ઉપરી અધિકારીને એસ્કેલેટ કરવામાં આવે છે.

● સ્વાગતની સફળતા★

આ ઓટો એસ્કેલેશન મેટ્રીકસનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થયા પછી કુલ ૨૧,૫૪૦ અરજીઓમાંથી ૯૦% અરજીઓનો પ્રાથમિક લેવલે જ સમયમર્યાદામાં ગુણાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.

તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગતમાં પણ આ બધી જ બાબતો લાગુ કરવામાં આવી છે. આ માટે સમગ્ર રાજ્યમાં કેપેસીટી બિલ્ડીંગ માટે જિલ્લા, તાલુકા તથા વિભાગ કક્ષાના આશરે ૩૦૦૦ અધિકારીઓને મુખ્યમંત્રી કાર્યાલયના જનસંપર્ક એકમ દ્વારા તબક્કાવાર તાલીમ આપવામાં આવી છે.

નાગરિકોની ફરિયાદોનું તાલુકા, જિલ્લા અને વિભાગ કક્ષાએ ઝડપી અને ગુણાત્મક નિરાકરણ થાય તે માટે તાલુકા, જિલ્લા અને વિભાગ કક્ષાએ મોનીટરીંગ ડેશબોર્ડ તૈયાર કરવામાં આવેલુ છે.

સ્વાગત ફરિયાદ નિવારણનું એક એવું પ્લેટફોર્મ છે જેમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં, સંબંધિત વિભાગના અધિકારીઓ રજૂઆત કર્તાની સમસ્યાનું નિરાકરણ કરે છે. એપ્રિલ ૨૦૦૩ થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં સ્વાગત પોર્ટલમાં મળેલી ફરિયાદો પૈકી ૯૮.૩% અરજીઓનો હકારાત્મક નિકાલ કરી દેવામાં આવ્યો છે તે સ્વાગતની સફળતાનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

અનેક નીતિ વિષયક નિર્ણયો પણ મુખ્યમંત્રીશ્રીએ સ્વાગતમાં આવેલી રજુઆતો પ્રત્યે સંવેદના દર્શાવીને કર્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને દિશાદર્શનથી હવે આ ઓટો એસ્કેલેશન મેટ્રીકસ પધ્ધતીનો સુશાસન દિવસ ૨૦૨૪ થી સમગ્ર રાજયના જીલ્લાઓમાં અને સરકારના બધા વિભાગોમાં અમલ થવાથી સ્વાગતની વ્યવસ્થા વધુ સુદ્રઢ અને ટેક્નોલોજી સભર બનતા સુશાસનને વેગ મળશે.

# મોબાઇલ ફોન તેમજ સીમ કાર્ડના વેચાણ અને એક્ટીવેશન સમયે રીટેઈલરોએ ધ્યાનમાં રાખવાની બાબતો

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવે છે કે ત્રાસવાદી/સામાજિક તત્વો ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અને અંકુશમાં મુકી શકાય તે માટે રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમ કાર્ડનો ઉપયોગ કરતા હોય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા પર કોઈ ચોક્કસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. જેથી આ અંગે જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ વેચવાના કિસ્સા અવાર નવાર ધ્યાને આવતા રહે છે જેથી આ પ્રકારની પ્રવૃતિ પર અંકુશ રાખી શકાય તે માટે, મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થા બંધ વેપારીઓને આપવામાં આવતા સીમ કાર્ડનંબરોનું રજિસ્ટર એરીયા વાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું, ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થા બંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમ કાર્ડના નંબરોનું રજીસ્ટર રીટેલઈરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબરનું સીમ કાર્ડ કઈ વ્યક્તિને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની વિગતવાર નોંધ કરવી, મોબાઈલ કંપનીઓએ તેમના સીમ કાર્ડનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટરોએ



અને તેના રીટેઈલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલીસ સ્ટેશન તેમજ પોલીસ અધિક્ષકની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી, સીમ કાર્ડ ખરીદવા આવનાર વ્યક્તિ જે દસ્તાવેજો આપે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવાની જવાબદારી રીટેઈલરની રહેશે તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈ કાર્ડ ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી, મોટા ભાગે દસ્તાવેજોની ખરાઈ કરવા માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ આપવામાં આવે છે આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી મોબાઈલ કંપનીઓએ સ્થાનિક પોલીસને આપવી, મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમ કાર્ડ કોઈ પણ ફેરીયા કે પાનના ગલ્લા વાળાઓને આપતા હોય છે જે ખુબ ગંભીર બાબત છે જેથી આવા સીમ કાર્ડનું વેચાણ ફક્ત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એક્ટ હેઠળ નોધાયેલ લાઈસન્સ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી, મોબાઈલ કંપનીઓએ કોઈ પણ સીમ કાર્ડનું એક્ટીવેશન કરતા પહેલાં સીમ કાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમ કાર્ડ એકટીવ કરવું,એસ.ટી.ડી પી.સી.ઓએ કોલની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલ માટે પણ નામ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવું.

આ જાહેરનામું તા. ૨૪/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે

# માણસ જ્યારથી ત્રાજવાને બદલે ઇલેક્ટ્રીક કાંટો વાપરતો થયો ત્યારથી જ કદાચ નમતું જોખવાનું ભૂલી ગયો છે..!!..

કળીયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર નો? શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું, હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું.

ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી,માળા ફેરવ્યા પછી બધાં કાર્ય કરો. કરોડ કામ છોડીને પહેલું ભાગવત સ્મરણ કરવું.કળિયુગમાં મનુષ્યો કરવાનું છે તે કરતાં નથી અને જે નથી કરવાનું તેને પહેલું ડરે છે એટલે કળિયુગમાં મનુષ્યને સાસુર અને મંદબુદ્ધિ શક્તિવાળો કહ્યો છે.શૌનકજી કહે છે કે, અમને વિસ્તાર પૂર્વક શ્રીકૃષ્ણકથા સંભળાવો. શ્રીકૃષ્ણ કથામાં તૃપ્તિ નથી, સદર્શનમાં પણ અમને તૃપ્તિ નથી.ભગવાનની મંગલમય અવતાર કથાઓનું અને ભગવાન ની કોલા કથાનું વર્ણન કરો. કળિયુગમાં અધર્મ વધે છે, ત્યારે ધર્મ કોને શરણે જાય છે?તે અમને કહો સમુદ્ર પાર કરવા વાળાને જેમ કર્ણધાર નાવિક મળી જાય,તેમ આપ અમને મળ્યા છો.

પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી. જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે. પ્રભુ કૃપાથી સંત મળે છે. સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખમાં છે. મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદભાવ થતો નથી.વકતાનો અધિકાર સિદ્ધ થવો જોઈએ. તે પ્રમાણે શ્રોતાનો અધિકાર પણ સિદ્ધ થવો જોઈએ. શ્રવણનાં ત્રણ પ્રધાન અંગો છે:

★શ્રદ્ધા.★ શ્રોતાએ એકાગ્રતાથી, શ્રદ્ધાથી કથા સાંભળવી. ★જિજ્ઞાસા★ શ્રોતામાં જિજ્ઞાસા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો મન ઉપર કથાની અસર થશે નહીં.જાણવાની



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

જિજ્ઞાસા ન હોય તો તેને કથા શ્રવણથી વિશેષ લાભ થતો નથી.

★નિમત્સરતા★ શ્રોતાને જગતમાં કોઈ જીવ પ્રત્યે મત્સરભાવ ન હોવો જોઈએ. કથામાં દીન થઈને જવું જોઈએ.શિષ્યનો પણ અધિકાર જોવાય છે, શ્રોતાનો પણ અધિકાર જોવાનો છે.

એક મહાત્મા રામાયણની કથા કરતા હતા. કથા પૂરી થઈ. એક જણે મહાત્માને પૂછ્યું,આપે કથા કહી પણ મને સમજાયું નહીં કે રાવણ રાક્ષસ હતો કે રામ રાક્ષસ હતા.મહાત્માએ કહ્યું,રાવણ રાક્ષસ નહીં કે રામ પણ રાક્ષસ નહીં. રાક્ષસ તો હું જ કે તને કશું અહીં શૌનક મુનિ સૂતજીને કહે છે કે,ભાગવત કથામાં અમને શ્રદ્ધાછે તમારા પ્રત્યે આદર છે.અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય, ત્યારે તમારા જેવા અધિકારી વકતાના મુખેથી કથા સાંભળવાની તક મળે છે.

અધિકારી વક્તાને અધિકારી શ્રોતા,રુક્ષ્મણીએ શ્રીકૃષ્ણ પરના પોતાના પત્રમાં લખ્યું છે,તમારી કથા




સાંભળીને તમને પરણવાની ઈચ્છા થઈ.સાંભળી'ને શબ્દ સમજવાનો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે.

શ્રોતામાં વિનય જોઈએ તેમ વક્તામાં પણ વિનય જોઈએ. સૂતજી વિનયનો આદર્શ દાખવે છે સૂતજીએ શ્રોતાઓને ધન્યવાદ આપ્યો છે. સૂતજી કહે છે,તમે સૌ સુયોગ્ય શ્રોતા છો.તમે શાંતિથી શ્રવણ કરો છો. એટલે મારું મન ભગવાનમાં સ્થિર થાય છે. તમે જ્ઞાની છો, પ્રભુપ્રેમમાં પાગલ છો. પરંતુ મારું કલ્યાણ કરવા તમે પ્રશ્ન કરો છો. કથા કરી હું તો મારી વાણીને પવિત્ર કરવા બેઠો છું. બાકી પ્રભુનો મહિમા ગાનાર હું કોણ?

આરંભમાં સૂતજી શુકદેવજીને વંદન કરે છે,તે પછી ભગવાન નારાયણને નમસ્કાર કરે છે. ભારતના પ્રધાન દેવ નારાયણ છે. શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા છે.સર્વ અવતારોની સમાપ્તિ થાય છે. આ નારાયણની સમાપ્તિ થઈ નથી અને થવાની નથી.ભારતની પ્રજા નું કલ્યાણ કરવા તે આજે તપશ્ચર્યા કરે છે.

શ્રી શંકરાચાર્યજી તો પરમ યોગી. તેઓ નરનારાયણનાં દર્શન કરે છે ત્યારે કહે છે કે, હું આપનાં દર્શન કરી શક્યો,પણ કળિયુગમાંભોગી માણસો પણ આપનાં દર્શન કરી શકે તેવી કૃપા કરો. ભગવાને તે વખતે આદેશ કર્યો કે, બદરિનારાયણમાં નારદ કુંડ છે ત્યાં સ્નાન કરો.ત્યાંથી મારી મૂર્તિ મળશે,તેની સ્થાપના કરો. બદરિનારાયણ ભગવાનની સ્થાપના શંકરાચાર્યજીએ કરી છે.મનથી માનસદર્શનનું બહુ પુણ્ય લખ્યું છે. માટે મનથી નારાયણને પ્રણામ કરો.

બદરિનારાયણમાં લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે. અંદર નારાયણ તપસ્યા કરે છે. તપશ્ચર્યામાં સ્ત્રીનો,દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે.તેથી નારાયણે લક્ષ્મીજીને કહ્યું છે કે, તમે બહાર બેસીને ધ્યાન કરો, હું અંદર બેસીને ધ્યાન કરીશ. બદરિનારાયણમાં નારાયણની મૂર્તિને ચંદનની પૂજા કરવામાં આવે છે, એ જોઈ એક ભક્તે બદરિનારાયણના પૂજારીને પૂછ્યું કે, આવી સખત ઠંડીમાં ઠાકોરજી ને તમે ચંદનની પૂજા કેમ કરો છો? પૂજારીએ કહ્યું, અમારા ઠાકોરજી તપશ્ચર્યા ખૂબ કરે છે,તેથી ઠાકોર જીને ગરમી બહુ થાય છે. એટલે ચંદનની પૂજા કરવામાં આવે છે.

સૂતજી સરસ્વતીને, વ્યાસજીને વંદન કરે છે અને પછી કથાનો આરંભ કરે છે. જેનાથી ભક્તિનો ઉદય થાય એ મનુષ્યનો સૌથી મોટો ધર્મ. આ ભક્તિ પણ એવી જોઈએ, જેનાથી આત્મા પ્રસન્ન થાય. જેમાં ફળની કામના ન હોય અને જે નિર્વિઘ્ન ચાલ્યા કરે. આવી ભક્તિને અહેતુકા ભક્તિ કહે છે.

જીવને ભગવાન કહે છે કે,તું મારો જ અંશ છે. તું મારામાં આવી જા. જીવાત્મા અંશ છે,પરમાત્મા અંશી છે. અહીંથી અંશ વિખૂટો પડ્યો છે તેથી તે દુઃખી છે.તે અંશ અંશીમાં એટલે ઈશ્વરમાં મળી જાય તો જીવ સુખી થાય.

નર એ નારાયણનો અંશ છે. અંશ એટલે કે નર.અંશી એટલે કે નારાયણને ન મળે ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. કોઈ પણ રીતે સાથે એક થવાની જરૂર છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અભેદ સિદ્ધિ કરે છે, વૈષ્ણવ મહાત્માઓ પ્રેમથી અદ્વૈત સિદ્ધ કરે છે.પ્રેમની પરિ પૂર્ણતા અદ્વૈતમાં છે.ભક્ત અને ભગવાન છેવટે એક છે.ગોપી અને શ્રીકૃષ્ણ એક છે.

જીવને ઈશ્વરનો વિયોગ થયો છે એ સત્ય છે. આ વિયોગ કરવાથી અને કેમ થયો તેની પંચાત કરવાની જરૂર નથી,તેથી લાભ નથી. ધોતિયાને ડાઘો પડયો હોય તો તે ક્યારે પડ્યો અને કેમ પડ્યો તે વિચારવાથી ધોતિયું સ્વચ્છ થશે નહીં. તેણે તો ડાઘ જ દૂર કરવો જોઈએ. તે પ્રમાણે જીવ ઈશ્વરને મળવા માટે જ પ્રયત્ન કરે તે ઈષ્ટ છે.

જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. જેને માથે કાળનો ભય છે તે નિર્ભય ક્યાંથી ? ભાગ્યશાળી તે કે જેને મૃત્યુનો ભય નથી. મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ. જેનું જીવન શુદ્ધ છેતેનો હિસાબ ચોખ્ખો છે, બાકી જીવને હિસાબ આપતાં બીક લાગે છે.અનંતકાળે બીક લાગે છે,કરેલા પાપોની યાદ થી.મૃત્યુની બીક છે ત્યાં સુધી શાંતિ નથી.પણ કાળના કાળ ભગવાન જીવને અપનાવે, તો ભગવાનનો નોકર કાળ તેનું કાંઈ કરી શકતો નથી.જેને શેઠનો આશરો એને નોકર શું કરી શકે?

જીવ અને ઈશ્વર બંને એક સાથે બેઠા છે, છતાં ઈશ્વરને ઓળખી શકાતો નથી. જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંતર્યામીને ઓળખી શકે છે.

ગંગા કિનારે રહેતા એક સંત- મહાત્મા પાસે પારસમણિ હતો. પારસમણિ મેળવવા એક મનુષ્ય સંતની સેવા કરવા લાગ્યો. સંતે કહ્યું કે,હું ગંગાસ્નાન કરી આવું પછી તને પારસમણિ આપીશ. સંત ગયા.પેલાનું મન તલ પાપડ થવા લાગ્યું.સંતની ગેર હાજરીમાં એ આખી ઝૂંપડી ફેંદી વળ્યો, પરંતુ પારસમણિ હાથ ન લાગ્યો. સંત પધાર્યા.સંતે કહ્યું,આટલી ધીરજ ન રાખી શક્યો પારસમણિ તો મેં પેલી લોખંડની દાબડીમાં મૂક્યો છે તેમ છતાં આ લોખંડની દાબડી સોનાની કેમ ન થઈ?ત્યારે સંતે કહ્યું,ભાઈ,જોને, પારસમણિ આ ચીંથરામાં બાંધેલો છે.તેથી પારસમણિ અને લોખંડનો સ્પર્શ થઈ શકતો નથી. એટલે દાબડી સોનાની ક્યાંથી થાય? તેવી રીતે જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે, પણ વાસનાના આવરણને લઈને તેનું મિલન થતું નથી.એટલે કે ઈશ્વરનો સ્પર્શ પામી શકતો નથી. જીવાત્માએ દાબડી છે.પરમાત્મા એ પારસમણિ છે. વચમાંનું અહંતા-મમતારૂપી ચીંથરું દૂર કરવાનું. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત છેલ્લે વર્તમાન સમયમાં બહુ ધારદાર વાત માણસ જયારથી ત્રાજવાને બદલે ઈલેક્ટ્રીક કાંટો વાપરતો થયો ત્યારથી જ કદાચ નમતું જોખવાનું ભૂલી ગયો છે..!!અસ્તુ.

## બનાસકાંઠા જિલ્લામાં ૨૬ થી ૨૮ સુધી કમોસમી વરસાદની આગાહી

# ખેડૂતોએ પાકના રક્ષણ માટે તકેદારીનાં પગલા લેવા જરૂરી, માર્કેટયાર્ડમાં અનાજ પલળે નહીં તેમ રાખવા સૂચના અપાઈ



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૩

બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીને લઈ ડિઝાસ્ટર વિભાગે એલર્ટ જાહેર કર્યુ છે. આગામી ૨૬ થી ૨૮ ડિસેમ્બર દરમિયાન જિલ્લામાં કમોસમી વરસાદ થવાની આગાહી આપવામાં આવી છે. માર્કેટયાર્ડ સહીત ખેડૂતોને પોતાનો પાક સહી સલામત રાખવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગ, અમદાવાદના જણાવ્યાં અનુસાર બનાસકાંઠા જિલ્લામાં આગામી તા.૨૬/૧૨/૨૦૨૪ થી તા.૨૮/૧૨/૨૦૨૪ સુધી કમોસમી વરસાદની આગાહી રહેલી છે. જેના અનુસંધાને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં ખુલ્લામાં રાખવામાં આવેલ અનાજ તેમજ ખુલ્લામાં રાખવામાં આવેલ અનાજની બોરીઓ વરસાદથી પલળીને અનાજ બગડી ન જાય તેની સાવચેતી રાખવા તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, સબ સેન્ટરોમાં તથા અનાજ કે અનાજ ભરેલી બોરીઓ પરિવહન દરમિયાન પલળી ન જાય તેનું ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે.

આ સાથે જિલ્લાના ખેડૂતોએ પાકના રક્ષણ માટે કેટલાક તકેદારીનાં પગલા લેવા જરૂરી છે. ખુલ્લા અનાજને કે ચારને પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો સહિતની તકેદારીઓ રાખવા બનાસકાંઠા ડિઝાસ્ટર મામલતદાર દ્વારા જણાવ્યું છે.

## જો નિકાલ ન થાયતો રસ્તો રોકોના માર્ગે જવાની ચીમકી અપાઈ

# ચિઠોડા હાથમતિ નદી પર બાંધવામાં આવેલા પુલથી ખેડૂતોની જમીનનું થતું નુકશાન અટકવવા મુખ્ય મંત્રી ને કરાઈ રજુઆત



(ગરવી તાકાત) વિજયનગર તા.૨૩

વિજયનગર તાલુકાના ચિઠોડા-ભિલોડાના માર્ગ પર હાથમતિ નદીના હયાતી પુલની બંને બાજુએ પુલના બાંધકામ માટેની કામગીરી ધમધોકાર આરંભી દેવાઈ છે. ત્યારે બીજી બાજુ આ પુલથી ખેડૂતોની જમીનનું નુકશાન થઈ રહયું હોવાના આક્ષેપો ઊભા થયાછે આ કામ અટકાવવા માટે ખેડૂતોએ અગાઉ મામલતદારને આવેદનપત્ર ધરી આંદોલનના માર્ગે જવાની ચીંમકી ઉચ્ચારી હતી તેમ છતાં તંત્ર દ્વારા સ્થળની તપાસ ન થતા વધુ આક્રોશ ઉભરાયો છે

વધુ ચિઠોડા અને પરવઠ ગામના ખેડૂતોએ જણાવ્યું હતું કે હાલ હાથમતિ નદીના હયાતી પુલની બંને બાજુએ અંદાજિત ત્રીસ કરોડોથી વધુ ખર્ચે નવીન પુલનું કામ રાત દિવસ ધમ ધોકાર ચાલી રહયુંછે આ હાથ ધરાયલા પુલના કામથી બંન્ને બાજુએ ગરીબ ખેડૂતોને જમીનનું નુકશાન થઈ રહયુંછે. તો બીજી બાજુ જે ગરીબ ખેડૂતોની જમીનમાં UGVCL દ્વારા વીજ પોલ ઊભો કરવા માટે ચૂનાની પટ્ટીઓ બિન અધિકૃત રીતે મારી ગયાછે આ હયાતી પુલ કાઢી નાખવામાં આવે અને પછી બ્રીજ બાંધવામાં આવેતો ખેડૂતોની જમીનનું ઓછું થાય તેમ છે અને હાલ બની રહેલા બ્રીજનો ટર્નિગ વધુ હોઈ અકસ્માત થવાની પણ સંભાવના છે જે બાબતે આ અગાઉ મામલતદારને કામ બંધ કરાવવા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જે ને પંદર દિવસ થવા છતાં મામલતદાર કે ડેપ્યુટીએન્જીનીયરે અત્યાર સુધી ખાતેદાર ખેડૂત કે ગામ લોકોની મુલાકાત લીધી નથી જેથી ચિઠોડા, પરવઠ ગામોના ગરીબ આદિવાસી ખેડૂતોને ન્યાય મળે તે હેતુથી ગુજરાતના મુખ્ય મંત્રી અને વિરોધ પક્ષના નેતાને તા.૧૯/૧૨/૨૦૨૪ના રોજ આ બાબતે લેખિત જાણ કરાઈછે. ત્યારે ખેડૂતોએ વધુ પણ આક્ષેપ મુક્યા છે કે એક પેટ્રોલ પંપના માલિકની જમીન બચાવવા માટે હયાતી પુલ તોડવામાં આવ્યો નથી.. જો તંત્ર કોઈ નિવેડો ના લાવેતો આંદોલનના માર્ગ અપનાવવાની પણ ચીંમકી આપી રહયાછે.

## ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરના વરદ હસ્તે વિધાર્થીઓને સન્માન કરવામાં આવ્યું

# કડી તાલુકા શહેર ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા વિધારત્ન એવોર્ડ અને સન્માન સમારંભ યોજાયો



(ગરવી તાકાત) કડી તા.૨૨

કડી તાલુકા શહેર ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા કડી માં આવેલ ચંપાબેન રતિલાલ પટેલ ટાઉન હોલ ખાતે ઈનામ વિતરણ અને સન્માન સમારંભ કાર્યકર્મનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઠાકોર ક્ષત્રિય સમાજના અંદાજીત ૪૦૦ થી વધુ જેટલા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું.કડી તાલુકા શહેર ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓ ઈનામ વિતરણ તથા રાજ્ય દેશ લેવલે સમાજનું નામ રોશન કરનારનું સન્માન કરવા માટેનો કાર્યક્મ આજે યોજાયો હતો. આ કાર્યક્રમમા ઊપસ્થિત પ્રદેશ પ્રમુખ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના તથા ધારાસભ્ય દક્ષિણ ગાંધીનગરના અલ્પેશજી ઠાકોર તથા જગતસિંહ ચૌહાણ પ્રદેશ ઉપપ્રમુખ, ધવલસિંહ ઝાલા ધારાસભ્ય બાયડવિધાનસભા મહાનુભાવો દ્વારા પોતાના વક્તવ્યમાં શિક્ષણ પર ભાર મૂકવા હાકલ કરાઇ હતી.કડી તાલુકા ઠાકોર સમાજનાં ૪૦૦ થી વધુ જેટલાં તેજસ્વી તારલાઓ અને રાજ્ય દેશ લેવેલે ગૌરવ વધારનાર લોકોનું સન્માન કરાયું હતું.કડી તાલુકા ઠાકોર ક્ષત્રિય સમાજ દ્વારા વિદ્યા રતન એવોર્ડ ૨૦૨૩-૨૪ માં પાસ થયેલા ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડની પરીક્ષામાં સારા ગુણ મેળવી પાસ થયેલા તેવા તેજસ્વી તારલાઓ ને સન્માનિત કરવા માટે કડી તાલુકા ઠાકોર સેના તેમજ GKTS એકેડેમી અને લાઈબ્રેરી કડી દ્વારા ખૂબજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજ ના વિવિધ નામી અનામી દાતાઓ દ્વારા પણ ઉદાર હાથે ઈનામ વિતરણ કાર્યક્મમાં ફાળો આપવામાં આવ્યો હતો. અને એક સાથે સમાજ ના ભાઈઓ બહેનો તથા સમાજ ના આગેવાનો સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વાતાવરણમાં પલટાથી ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા

# બનાસકાંઠામાં ધુમ્મસભર્યું વાતાવરણ, માવઠાની આગાહી વચ્ચે ઘઉં, એરંડા, બટાટા, રાયડામાં નુકસાનનો ડર



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૩

બનાસકાંઠા જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. સમગ્ર જિલ્લામાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વહેલી સવારથી બપોર સુધી પણ ધુમ્મસભર્યા વાતાવરણને પગલે વિઝિબિલિટી ઘટેલી જોવા મળી રહી છે.

જોકે, રાજયમાં કમોસમી માવઠાની આગાહી વચ્ચે ધુમ્મસભર્યા વાતાવરણમાં ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે રવિ સીઝન દરમિયાન જો કમોસમી માવઠું થાય તો ઘઉં, એરંડા, બટાટા, રાયડા જેવા પાકોમાં નુકસાનની થાય તેવી ભીતિ ખેડૂતોને સતાવી રહી છે.રાજ્યમાં શિયાળમાં કડકડતી ઠંડી પડી રહી છે. પરંતુ હવે ભર શિયાળે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો ક્યાંક જોવા માળી રહી છે. ડિસમ્બરની એડિંગમાં ઉત્તર ગુજરાતમાં કમોસમી માવઠું પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જેની અસરના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પણ પલ્ટો આવ્યો છે.

આજે વહેલી સમગ્ર જિલ્લા ધુમ્મસ છવાયલુ જોવા મળી રહ્યું છે. જો કમોસમી માવઠું થાય તો રવિ પાકો જેવા કે બટાકા, વરિયાળી, એરંડા, રાયડો સહિતના પાકોને નુકસાન થઈ શકે તેમ છે જેને લઈ બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોનો જીવ તાળવે ચોંટ્યો છે

# સાબરકાંઠા SOGએ NDPSના ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી લીધા




સાબરકાંઠા એસઓજી શાખાની ટીમે બે અલગ અલગ જગ્યાએથી NDPSના ગુનામાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી લઈને આગળની કાર્યવાહી માટે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોપ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે, સાબરકાંઠા SOG નાસતા-ફરતા પકડવાની ખાસ ડ્રાઈવમાં બે ટીમોએ બાતમી આધારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં NDPSના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી લીધા હતા. જેમાં હિંમતનગરમાં બસ સ્ટેન્ડ રોડ પરથી બાતમી આધારે મહેસાણાના બેચરાજી તાલુકાના માત્રાસણ ગામના બચુજી હીરાજી ઠાકોરને ઝડપી લીધો હતો. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના દશાડા તાલુકાના પાટડી ગામે મુખ્ય બજારમાં રહેતા પ્રદીપસિંહ કમલેશસિંહ ઝાલાને હિંમતનગર ખાતેથી ઝડપી લઈને બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આગળની કાર્યવાહી માટે સોપ્યો હતો.

## હાઇવેની કામગીરી જલ્દીથી પૂર્ણ કરવા લોકોની માગ

# થરાદમાં નિર્માણાધીન ફોર-લેન હાઇવેના ખાડામાં પડેલા નંદીનું 'રેસ્ક્યું' કરાયું



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૩

થરાદમાં બની રહેલા નવીન ફોર લાઈન હાઈવેની કામગીરી દરમિયાન ખોદકામ કરેલા ખાડામાં એક નંદી ફસાઈ ગયો હતો. જેની જાણ ફાયર વિભાગને થતા ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી નંદીને બહાર નીકળી ખુલ્લા વિસ્તારમાં છોડી દેવામાં આવ્યો હતો. હાઈવેની કામગીરી દરમિયાન અન્ય અકસ્માતો અને કેટલાંય પશુઓ પડવાનાં અને ફસાવવાના બનાવો બની રહ્યા છે, ત્યારે આ હાઈવે કોઈનો જીવ લેશે એવું લાગી રહ્યું છે. જેથા તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવામાં આવે એવી લોકોમાં માગ ઉઠી છે.

થરાદ શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી બની રહેલા પાણીના ટાંકાથી દૂધશિત કેન્દ્ર સુધી નવીન હાઈવેની કામગીરી દરમિયાન ટ્રાફિક અકસ્માત અને ખોદકામ કરેલા ખાડામાં પશુઓ પડવાના બનાવો બની રહ્યા છે, ત્યારે આજરોજ થરાદ ધાનેરા ત્રણ રસ્તા પાસે પેટ્રોલ પંપની સામે એક નંદી હાઈવેની ગટર લાઈનમાં ફસાઈ જતાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાતો હતો. ત્યારે ગૌરક્ષકોએ નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરતા ફાયર ઓફિસર સહિત ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગૌરક્ષકોની મદદથી જીવના જોખમે નંદીને ફસાયેલી હાલતમાંથી બહાર કઢાયો હતો અને ખુલ્લા વિસ્તારમાં છોડી દેવામાં આવ્યો હતો.

આ અંગે ફાયર ઓફિસર વિરમજી રાઠોડે જણાવ્યું હતું કે, આજરોજ સવારે ૦૮.૫૯ કલાકે અમને કોલ મળ્યો કે, થરાદમાં નવા બની રહેલા ફોરલેન હાઈવેની ગટર લાઈનમાં પેટ્રોલ પંપની સામે આખલો ફસાયેલો છે. તેવી જાણ થરાદ નગરપાલિકાના ફાયર બ્રિગેડને થતા તાત્કાલિક અમે ઘટનાસ્થળે પહોંચી મહામુસીબતે ગૌરક્ષકોની મદદથી આખલાને ગટરલાઈનમાંથી જીવીત બહાર નીકાળીને ખુલ્લા વિસ્તારમાં છોડી દેવામાં આવ્યો હતો. અને અનેક વખત અમે ખોદકામમાં પડેલા ગાય કે નંદીને બહાર નીકાળીએ છીએ. ઉલ્લેખનીય છે કે આ હાઈવેની કામગીરી ગોકળગતિએ ચાલતી હોવાના કારણે થરાદવાસીઓ અને વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે આ હાઈવેની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવે એવી નગરવાસીઓ દ્વારા માગ ઉઠવા પામી છે.

આ અંગે સ્થાનિક થાનાજી રાજપૂતે જણાવ્યું હતું કે, આ હાઈવેનું કામ ગોકળગતિએ ચાલી રહ્યું છે. જેના કારણે થરાદવાસીઓ અને વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. મોતને આમંત્રણ આપતા આ ખાડામાં આજે ગૌવંશ પડ્યો છે. જો તંત્ર આળસ નહીં મરડે તો આવતીકાલે કોઈ કારચાલક પણ ખાબકી શકે છે. તંત્ર આ હાઈવેની કામગીરી સત્વરે પૂર્ણ નહીં કરે તો ચોક્કસથી કોઈનો જીવ જશે. એટલે અમારી માગ છે કે, આ હાઈવેની કામગીરી જલ્દીથી પૂર્ણ કરવામાં આવે.

# સંક્ષિપ્ત સમાચાર

## રાજસ્થાનની માનસિક બીમાર દિકરીનું પિતા સાથે મિલન કરાવતુ નારી સંરક્ષણ કેન્દ્ર હિંમતનગર



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૩

સાબરકાંઠા જિલ્લામાં નારી સંરક્ષણ કેન્દ્ર હિંમતનગર દ્વારા એક માનસિક બીમાર દીકરીનું પિતા સાથે મિલન કરાવીને સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

વિગત એવી છે કે નારી સંરક્ષણ કેન્દ્ર હિમતનગર સાબરકાંઠા ખાતે બે માસ અગાઉ સખી વન સ્ટોપ સેન્ટર હિંમતનગર દ્વારા તા એક માનસિક બીમાર મહિલાને આશ્રય આપવામાં આવ્યો હતો. અજાણી મહિલાની માનસિક બીમારીની સારવાર કરીને મેનેજરશ્રી દ્વારા કાઉન્સેલિંગ કરતા બેનનો પરિવાર રાજસ્થાનના ઉદયપુર તાલુકાનો હોવાનું જાણવા મળ્યું હતું. ગામની વિગત જાણતા જ ગામનાં સરપંચશ્રીને ટેલીફોન દ્વારા માહિતી મોકલતા બેનના પરિવારનો સંપર્ક કર્યો હતો. પોતાની દીકરીની જાણ થતા જ પિતા રૂબરૂ સંરક્ષણ કેન્દ્ર હિંમતનગર ખાતે આવીને દીકરીને રાજી ખુશી ઘરે લઈ ગયા હતા. પોતાની દીકરી સલામત રીતે મળતા પિતા અને પરિવારે સંરક્ષણ કેન્દ્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને ઉધમતાનાં ગુણોને વિકસાવવા માટે

## વી.એસ.કેમ્પસ વટવા દવારા 'ક્રેઝી કાર્નિવલ તેમજ વિજ્ઞાન-વેપાર મેળા'નું આયોજન

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૩

આજનાં યુગમાં વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા તથા ઉધ્યમતાનાં ગુણોને વિકસાવવા માટે વી.એસ.કેમ્પસ વટવા દ્વારા અમર ટેર્નામેન્ટ પાસે,ડેરિયા ખાતે તારીખ ૨૫.૧૨.૨૦૨૪ બુધવારના રોજ બપોરે ૩ થી રાત્રીના ૮ કલાક સુધી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમનાં વિકાસ અને વેપાર કૌશલ્ય અને રચનાત્મક અભિગમના વિકાસ માટે ×ક્રેઝી કાર્નિવલ× તથા સાયન્સ-વેપાર મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે સાથે-સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગીત-સંગીત,કલા વગેરે સ્પર્ધાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કાર્નિવલમાં વિજ્ઞાન તેમજ વેપાર મેળાના આયોજનનો હેતુ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ઉદ્યોગ સાહસિક તેમજ વૈજ્ઞાનિક બનવાની પ્રેરણા મેળવી શકે છે. આ કાર્નિવલમાં વિદ્યાર્થીઓના વેપાર અને વિજ્ઞાનના માર્ગદર્શન માટે જુદા-જુદા સ્ટોલોનું પણ આયોજન કરાયું છે.આ આયોજનને સફળ બનાવવા વી.એસ.કેમ્પસના ટ્રસ્ટી શ્રી સુનિલ પટેલ, શૈક્ષણિક ડાયરેક્ટર શ્રી વિજય મારુ, શ્રી મનીષ રાવલ, શાળાનાં આચાર્ય શ્રી ખ્યાતિબેન પંડ્યા, શ્રી કપિલભાઈ ગોયલ, પ્રિ-શાળાનાં આચાર્ય શ્રી કીર્તિબેન દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે અને કાર્યક્રમની સફળતા માટે તમામ કો-ઓર્ડીનેટર્સ તથા શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

## શ્વાનને પગની અસહ્ય પીડામાંથી પીડા મુક્ત કરતી કરુણા એનિમલ એમ્બ્યુન્સ ૧૯૬૨



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

ગતરોજ ૧૨:૨૫ વાગે ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈન પર એક ઈજાગ્રસ્ત શ્વાનની સારવાર માટે કૉલર બિંદુબેન દ્વારા કરુણા એનિમલ એમ્બ્યુલ્સ ૧૯૬૨ પર કોલ કરેલ હતો . તેમની માહિતી અનુસાર ૧૫ દિવસ પહેલા શ્વાનનું અકસ્માત થયું હતું ત્યાર બાદ ગણી સારવાર મળી હોવા છતાં ઈચ્છનીય પરિણામ ન મળતા ૧૯૬૨ માં માહિતી નોંધાવી હતી.

કરુણા એનિમલ એમ્બ્યુલન્સ પર હાજર પશુ ચિકિત્સક ડૉ . સમીર ડોડીયા અને પાયલોટ ધર્મેન્દ્રભાઈ ચૌધરી સ્થળ પર પહોંચી અને તપાસ કરતા જાણવા મળ્યું કે આગળના જમણા પગમાં ગંભીર ઈજા હોય અને પગને કાપીને ( leg amputation) સારવાર આપવા સિવાય કોઈ ઉપાય ન હોવાથી ડો સમીર ડોડીયા દ્વારા પગ ને કાપી ને સારવાર આપવી પડશે તેવો નિર્ણય લેવામાં આવ્યો.

કૉલર અને બે જીવદયા પ્રેમી દેવાંગ રામી અને મોક્ષ હાર્ડે ના સહકારથી ડો સમીર ડોડીયા અને પાયલોટ ધરમેન્દ્રભાઈ ચૌધરી એ ૧ કલાક ની ભારે જહેમત કરી પગના તૂટેલા ભાગને દૂર કરી યોગ્ય સારવાર આપી હતી.

કરુણા એનિમલ એમ્બ્યુલન્સની બિનવારસી પશુ પક્ષીઓને સમયસર યોગ્ય સારવાર અને જટિલ ઓપરેશન જોઈ ગ્રામજનો દ્વારા ડોક્ટર , પાયલોટ અને ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈન સેવાની પ્રશંસા કરી હતી.

મહેસાણા જિલ્લાના પ્રોજેક્ટ ઇન્ચાર્જ પ્રતિકભાઈ સુથાર અને પ્રોજેક્ટ મેનેજર ડો નીરજસિંઘ દ્વારા કર્મચારીઓના કામગીરી ને બિરદાવવામાં આવી હતી. તેમજ ૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સની નીઃ શુલ્ક સેવાનો વધુમાં વધુ લાભ અપીલ કરી હતી..

Volume : 10 Issue : 263 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002